**Research Review** **ISSN: 2321- 4708**
**The Refereed & Peer Review International Journal** **May. 2021, Year - 7 (97)**
**www.researchreviewonline.com** **Paper ID: RRJ334882**

# રાવજી પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ

**ડૉ. કમલેશ ડી. પટેલ**
**ગુજરાતી વિભાગ**
**ડી.એન.પી.આર્ટસ અને કોમર્સ કોલેજ, ડીસા**

---

રાવજી છોટાલાલ પટેલ (૧૯૩૯ થી ૧૯૬૮) ખેડા જિલ્લાના સૂઈ ગામની નજીક આવેલ વલ્લવપુરા ગામનો વતની. અઠાવીસ વર્ષનું અલ્પ આયુષ્ય ભોગવનાર રાવજીની સરખામણી અનાયાસે કવિ કલાપી સાથે થઈ જાય છે . ડૉ.ચિનુ મોદી કહે છે તેમ, રાવજી સતત શબ્દસંયોગી કવિ હતા. (મારા સમકાલીન કવિ ) શબ્દ દ્વારા રાવજી હવે આપની વચ્ચે વસે છે. તે તેના સર્જનોમાં 'અશ્રુઘર' (૧૯૬૬), અને 'ઝંઝા' (૧૯૬૭) નવલકથા, 'અંગત' (૧૯૭૦) કાવ્યસંગ્રહ ,તેના અવસાનને કારણે આઠ પ્રકરણ પછી અધૂરી રહેલી 'વૃત્તિ' નવલકથાના પ્રકરણો સાથે તેની રચેલી વાર્તાઓ 'વૃત્તિ અને વાર્તા' (૧૯૭૭)નું પ્રકાશન સ્મરણ થાય છે. પદ્ય હોય કે ગદ્ય રાવજીના સમગ્ર સર્જનમાં આનંદભર્યા ભૂતકાળ અને પીડાભર્યા વર્તમાન એક સાથે પથરાઈને પડેલા છે. રાવજી પટેલએ અલ્પ આયુષ્યમાં પણ ગુજરાતી સાહિત્યને નવલકથા અને નવલિકાનું અમૂલ્ય ભાથું આપ્યું છે.

રાવજી પટેલની શ્રેષ્ઠ વાર્તાઓમાં અગિયાર વાર્તાઓનો સમાવેશ થાય છે . ૧ સગી. ૨.સૈનિકના બાળકો ૩.ચંપી ૪.અમસ્તી અમસ્તી રેલગાડી અને ખાલીખમ ગજવાં ૫. કિ-ધૂ ૬.દેવું ૭.ઘેટાં ૮.કીડી, કૅમેરા અને નાયક ૯. છબીલકાકાનો બીજો પગ ૧૦. એક ઘડીના પંચોતેરમા ભાગનો ઉન્માદ ૧૧. રેષા.

સગી – આ સંગ્રહની ઉત્તમ નવલિકા છે . આ નવલિકામાં આધુનિક- શૈલી પ્રયોજાયેલી જોવા મળે છે. વાર્તાનાયક હૉસ્પિટલના વોર્ડમાં પોતાની નજીકના ખાટલામાં નં.૧૦- શંકરને મળવા આવેલી નાયિકાને જોતાં પોતાની પત્ની સાથે સરખામણી કરી બેસે છે. બે મહિનામાં બાવીસમી-ત્રેવીસમી વખત મળવા આવેલી શંકરની વાગ્દત્તાને જે રીતે શંકરની સારસંભાળ લેતા અને વણકહી બધી સગવડો સાચવતી જોતાં વાર્તાનાયક 'હું'ના ચિત્તમાં ખળભળાટ મચી જાય છે. 'તમે ડોક્ટરને કેમ કહેતા નથી કે રજા ક્યારે મળશે?' એવો પ્રશ્ન નંબર ૧૦ને પ્રશ્ન કરતી. ખાલી થેલીથી મિ.૧૦ના શરીર પર બેઠેલી માખીઓ ઉડાડતી આગંતુકા......' કેટકેટલી સ્થિતિઓ ખુદના જગતમાં એ પ્રકારના અભાવથી વાર્તાનાયકના મનમાં સણકો ઉપજાવી જાય છે. શંકરની ભાવિ પત્નીના ઉદગારો, 'તમારા હાથમાં હવે રતાશ આવી ગઈ છે .... બિલકુલ મારા હાથ જેવી જ રતાશ ! મેં બાધા રાખી છે ....દવાલશાપીરની .... તમને તદન સારું ના થાય ત્યાં સુધી હું ઘી નહીં ખાઉ. સાજા થાશો ત્યારે પીરના સ્થાનકે લાડવા જમાડીશ .....' આ બધી ઉક્તિઓ વાર્તાનાયકના હૃદયના એક ખૂણામાં ખળભળાટ જગાવી જાય છે.સમગ્ર વાર્તામાં જીવલેણ દર્દથી માહિતગાર



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-97-may-2021/RRJ334882

અને સૅનેટોરિયમમાં એકલતા એને લાગણીઓનો અભાવ અનુભવતા વાર્તાનાયકનું એક મનોજગત પ્રત્યક્ષ થાય છે . સપાટી ઉપરના વ્યવહારની ભીતર પડેલાં વાર્તાનાયકના સૂક્ષ્મ ભાવસંચાલનોને શબ્દદેહ આપવામાં સર્જકની સર્જકતા કસોટીપર ખરી ઊતરી છે .

'અમસ્તી અમસ્તી રેલગાડીઓ ને ખાલીખમ ગજવાં'- રાવજીની એક વિશિષ્ટ વાર્તા છે. એક અનોખા જ વિષયને લઈને આવતા રાવજીની આ વાર્તા ધૂમકેતુનું સ્મરણ કરવી જાય છે . પ્રસ્તુત વાર્તામાં ગરીબી, ગ્રામીણ પરિસ્થિતિ અને નિમ્નસ્તરોના લોકોના જીવનની અંતરંગ વાતો આવે છે. સાથે સાથે આ વાર્તામાં બાળમાનસના ભોળપણ અને તેની તરંગ સૃષ્ટિને પણ આલેખવાનો પ્રયાસ કર્યો છે.

રેલવેલાઇન પર આવેલી નાનકડી થોડાંક ખોરડાની બનેલી 'બસ્તી'માં વસતા શ્રમજીવીઓનું આલેખન કેન્દ્રમાં રહ્યું છે. કોઈક કારણસર ઘરડી ડોસીનો છોકરો પોતાની વહું અને છોકરાને રેઢાં મેલીને કશેક જતો રહ્યો છે. એના કોઈ વાવડ આવતા નથી . એકલી બિચારી ઘરડી મા છોકરાંને સાચવવા અને ઉછેરવા મથામણ કર્યા કરે છે. જેમ તેમ ઘરનું ગાડું ગબડતું હોય છે. બાબલીની દાદી માથાના દુખાવા માટે તે દવા લેવા આરોગ્ય કેન્દ્રમાં ગઈ છે. ત્યાં એક દર્દીને જોતાં જ તેને પોતાના દીકરા જેવો જ લાગે છે. ઘરે આવીને તે છોકરાંઓને કહેવા માંડી , **'એલ્યાં છોકરાંવ ,તમારો બાપ મળી ગયો. બરોબર એના જેવો જ અવાજ . અદ્દલ એનું ગળું લઈને જ મૂઓ માસ્તર ગાંડો થઈને પાછો આવ્યો છે.'** ટીમો, મૂનો અને બાબલી આ સાંભળીને સાચું માનવા લાગ્યાં જ્યારે ડોસી તો મરેલા દીકરાને યાદ કરી કરીને રડતી હતી....એટલામાં દૂરથી આવતી સોમનાથ મેલની વ્હિસલ સાંભળતા છોકરાંવ દોડ્યા. દાદીની બૂમને અવગણીને બાબલી બહાર દોડી ગઈ. જોતજોતામાં બાબલી રેલવેની અડફેટમાં આવી જાય છે. અને મૃત્યુ પામે છે. બાબલીના મોતનો આઘાત સહન ના કરી શકતો ટીમુ થોડા દિવસો પછી સોમનાથ ટ્રેનમાં બેસીને દૂરદેશવાર જતો રહે છે. ઘરડી ડોસી જેના માટે જીવતી હતી તે બાળકો જ દુખણાં ડુંગર ઓથે મૂકીને જતાં રહયા. અહીં ખાલીખમ ગજવાંનો ધ્વનિ અસરકારક છે તે પામી શકાય છે. આમ, સમગ્ર વાર્તામાં ભીતરનું પડ પીડાના લાવાથી ભરેલું છે.

**'સૈનિકનાં બાળકો'** – પ્રસ્તુત વાર્તામાં ભાવાભિવ્યક્તિનું પ્રબળ નિરૂપણ થયું છે. તેથી વાર્તા આસ્વાદ્ય બની રહે છે. વાર્તામાં સૈનિક માધવ , તેની પત્ની રાજુ, માધવની માતા અને પછીથી રેણુ સાથે ડોલી અને મલ્લી દીકરીઓનો સમાવેશ થાય છે.

માધવ અને રાજુનું દાંપત્યજીવન સુખી છે. શેર માટીની ખોટ છે. માધવ દૂર લશ્કરમાં ફરજ પર રહે છે. બાકી પત્રો થકી ચાલેલો દંપતીનો સંલાપ ક્યારે આલાપ અને વિલાપમાં સરી પડે છે તેની સરહદો નક્કી કરવી મુશ્કેલ બને છે. લડાઈ પૂરી થતાં માધવને એન.સી.સી અંડર ઑફિસર તરીકે નોકરી મળે છે. ત્યાં એક આચાર્યની પુત્રી રેણુ સાથે સંપર્કમાં આવવાનું થાય છે. આ વાત પત્રમાં લખેલી વાચતાં જ રાજુના સ્ત્રીહૃદયમાં ડબકો તો પડે છે પણ સ્ત્રી સહજ અસૂયા કરતાં પતિસ્નેહની તીવ્રતા વિશેષ છે. વળી, ઘણા

લાંબા સમય પછી અપરાધભાવ પ્રગટ કરી નિખાલસ કબૂલાત કરતો માધવનો એક પત્ર આવે છે . તે વાંચતા રાજનું મનોરાજ્ય ખળભળી ઊઠે છે. તે વાંચે છે – માધવે આગ્રામાં વ્યાયામ શિક્ષક તરીકે નોકરી લીધી છે અને રેણુ સાથે માંડેલા ઘરસંસારથી જોડિયા દીકરીઓનું સંતાનસુખ પ્રાપ્ત થયું છે. પરિસ્થિતિની જાણ થતાં રાજુનું મન દુઃખી રહે છે. આ ઉદાસ ચહેરા પાછળ રહેલું ચિંતાનું કારણ વૃધ્ધ સાસું પામી જાય છે અને પોતના જ દીકરાને ધુતકારે છે. સતી જેવી વહું તરફ તે સ્વાભાવિક રીતે જ લાગણીથી વધુ ઢાળેલાં છે. રાજુ પત્ર સ્વરૂપે પ્રત્યુત્તર આપતા લખે છે જે થઇ ગયું તે ....... માધવ સકુટુંબ ઘેર આવી જાવ. પણ કમનસીબે એ ઘડી આવતી નથી. બીજો પત્ર આવતા મોટર અકસ્માતમાં માધવના મૃત્યુના સમાચાર મળે છે. અસહ્ય આઘાત અનુભવતી રાજુને વૃદ્ધ સાસું કહે છે “હવે જાજું વિચારીશ નહીં પેલા નોધારા જીવને અહિ તેડાવી લેવી . એમનું અડધે રસ્તે કોણ?-રાજુ પત્ર લખીને બધાને તેડાવે છે. વાર્તાનો અંત વિચારતા કરી મૂકે અને મહાન હૃદનો અનુભવ કારવે છે. જ્યારે રેણુ રાજુની છાતી પર માથું મૂકીને રડી પડી ત્યારે અશ્રુસભર અવાજમાં કહી પણ દીધું, એ મરી ગયા હોય એવું મને નથી લાગતું . ‘-અહિ મહાન પ્રેમની ઓળખ કરાવતી રાજુનું ચરિત્ર વિશેષ ઉડીને આંખે વળગે એવું છે.

‘ચંપી’- વાર્તાનું મુખ્ય પાત્ર ચંપી છે. વાર્તાનાયિકા ચંપી સંતાન વિહોણી છે. બાળકવિષયક ઝંખના ચંપીના વર અન્નાના અંતરમાં ડંખ ઉપર ડંખ લગાવે છે. ત્રીજી વખત પિયેર જઈને આવ્યા પછી ચંપી સગર્ભા બનેલી છે. ચંપીના પિયરથી આવેલો રૂપલ નામનો છોકરો અને તેની સાથે અન્નાનો વાર્તાલાપ કોઈક જુદી જ પરિસ્થિતિનું દર્શન કરાવે છે. અન્ના અને ચંપી જાતિય પ્રશ્નવિષયક મૂંજવણ દૂર કરવા ડૉકટર પાસે જાય છે. ત્યારે ભારે પગે થયેલી ચંપી અને મન જરા કશીક તકલીફ જેવું લાગે છે. અન્ના શારીરિક તપાસ કરાવે છે.દાક્તર ચંપીની વર્તમાન અવસ્થા જોઈ અન્નાને સલાહ આપે છે. ‘મેં તમને તપાસ્યા જ નથી એમ સમજીને વર્તો. કશાય વિચાર આગળ પાછળ કરશો નહીં. બધુંય બરાબર છે; થાય એમ કઈ......જાવ તમારા બંને માટે સારું રહે એવી સલાહ હું તો આપું છું’ – આ વાક્ય નપુંસક અને તેથી અપરાધભાવવાળા અન્ના માટે મર્મવિદારક નીવડે છે. તે સઘળી પરિસ્થિતિ પામી ગયો હતો. હવે તો પ્રગટ થઈ ગયેલા સત્યને જીરવવાની નિષ્ફળ મથામણ કરતાં અન્નાને “ચંપીના (પતિના કોટ પકડેલા) હાથને વૃક્ષથી ડાળી કપાય એમ કોટથી અલગ કર્યાં.” એ પરિસ્થિતિમાં જોઈ શકાય છે. આમ, સત્યનો સ્વિકાર કરવો અન્ના માટે અસહ્ય છે ને વાર્તા અહીં સમાપ્ત થાય છે.

‘કીડી, કૅમેરા અને નાયક’- એબ્સર્ડ જૂથમાં વર્ગીકૃત થાય એવી વાર્તા છે. કૅમેરા પોતે જ વાર્તાનાયકની બીજી ચેતના બનીને રજૂ થાય છે. કૅમેરા થકી દ્રશ્યો ઝડપાય છે. તેમાં નાયકનાં મનોરૂપો આબાદ આકાર લે છે. આ કૅમેરાને રેલવેના પાટા સુધી જતો દર્શાવાયો છે. રેલવેના પાટા ઉપર એક કીડીને દોડતી અને કોઈ કાચી ઘડીએ રેલવેના પેલા બે પાટાના પાતળા સાંધામાં વચ્ચે સરી પડે છે. અને મરી



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-97-may-2021/RRJ334882

જાય છે. આ ચિત્ર નાયકના કૅમેરામાં કેદ થાય છે. આવાં અનેક શબ્દચિત્રો કૅમેરા બની ગયેલા નાયકના મુખેથી વિડંબના બની સરી પડે છે. વાર્તાસર્જનની આ પણ એક પધ્ધતિ જોવા મળે છે.

'છબિલાકાકાનો બીજો પગ'- રાવજીની એક પ્રયોગશીલ વાર્તા છે. વાર્તામાં મુખ્ય પાત્ર છબિલકાકા એક વિલક્ષણ પાત્ર છે. પત્ની જીબાકાકી સાથેનું તેમનું દાંપત્ય વિસંવાદી જણાય છે . જ્યારે ઘરમાં કામ કરતો નોકર બાબુડિયા સાથે સજાતીય સંબંધ હોય એવું વાર્તામાં સૂચિત થાય છે. વાર્તા જે મર્મ પ્રગટ કરે છે તે સર્જકની કલાવિષયક સજ્જતાનો નક્કર પુરાવો પૂરો પડે છે.

'રેષા'- વાર્તામાં સર્જકે આત્મીયતાના સંવેદન વર્ણવ્યા છે. નાનપણમાં કપડાં ધોવાના ધોકાને બાળક તરીકે રાખીને રમાડતી રેષાની વાત છે. રેષા વિશ્વનાથની દિકરી અને સદાશિવની પત્ની છે. ઢીંગલી ઢીંગલી રમતાં રમતાં પણ સાચુકલા ભાવ દાખવતી પોતાની પુત્રી રેષાને ખરેખર મળેલું બાળક અવતરે છે. અને ડોક્ટરના બધાં આશ્વાસન નિરર્થક નીવડે છે. પતિ વિશ્વનાથ પાસે રિક્ત ખોલી જવાની સ્થિતિ જ રેષા માટે અસહ્ય છે. રેષાની મનોદશા જોઈને પિતાની ઘડીભર દિકરીનો નાનકડો પુત્ર બની જવાની ઈચ્છા થાય છે. પિતા પાસે કોઇ શબ્દો આશ્વાસન આપવાના રહ્યા નથી. પિતા વિચારે છે કે હું પુરુષ છું તોય મને આટલું દુ:ખ થાય છે તો એની પાસે તો સ્ત્રીનુ હૈયું છે. સહનશીલ પુત્રીની વર્તમાન દશા પિતાને ધ્રુજાવી દે છે. એક નવા જ વિષય સાથે રાવજીએ આત્મિયતાના સંબંધોની વાત કરી છે.

'એક ઘડીના પંચોતેરમા ભાગનો ઉન્માદ' – વાર્તામાં જીવન સંઘર્ષની કથા છે. અહીં ક્ષયગ્રસ્ત જીવન જીવતા નાયકના જીવસંઘર્ષની સ્થિતિનો ચિતાર આપવામાં આવ્યો છે. વોર્ડમાં દર્દીઓ નં-૨, નં-૩૭, નં-૩૦, નં-૬, નં-૩૬ની વચ્ચે દર્દી નં-૩ એટલે કે 'હું' ની કથા વિસ્તરે છે. આખી કથા મૃત્યુની આસપાસ રચાયેલી છે. મરણશીલ વ્યકિતની જિજીવિષાનું ગતિશીલ રૂપ જોવા મળે છે. નં-૩ જીવન માટેનો જે સંઘર્ષ ખેલે છે તેનો અંત મૃત્યુમાં નિશ્ચિત છે. વાર્તા વાંચતાં રાવજીની કથા હોય તેવો અનુભવ થાય છે. વાર્તામાં પ્રતિકાત્મક્તાનું નિરૂપણ ધ્યાનાર્હ છે.

'કિ-ધૂ' વાર્તા ખુન્નુની પિતરાઇ બહેન 'ધૂ' છે. 'કિ' એ ખુન્નુનો મિત્ર છે. સમગ્ર વાર્તા 'ધૂ'ના આંતરિક સૌંદર્યને ઉજાગર કરતી બની રહે છે. કથાના અંતમાં સુખ અનુભવાય છે.

'દેવું' વાર્તા રૂમાલના વાસનાથી છલકતા મન:પ્રદેશને ખુલ્લો કરતી વાર્તા છે. ઘેટાં નવલિકા માનવ અને પશુ વચ્ચેના પ્રેમ સંબંધો વ્યક્ત કરતી અદભૂત કથા છે. શબુ દલાલ હોંશે હોંશે રબારીને રસુલને ત્યાં સોદા માટે લઈ જાય છે. રસુલ ચાર ટોળાંના માલિક રબારીની અને પોતાની હેસિયત સમજતો હતો પણ પોતે ચાર ખટારાં રાખી મુંબઈ શહેરમાં ધંધો કરતો શેઠ ગણાતો હતો. દીકરીના લગ્ન નિમિત્તે થયેલા કરજને કડવા પંડના છોકરાં જેવાં ચાર ટોળાં –ઘેટાં વેચવાં પડ્યાં તેનો ઘણો રંજ છે. રબારીએ ઘેટાં તો વેચ્યા પણ પોતાના છોકરાની જેમ ઉછેર્યા હોવાથી તે મુંબઈ લઈ જવાતા તેના ઘેટાં



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-97-may-2021/RRJ334882

સાથે લપાઈ છુપાઈને બેસી રહે છે. સમગ્ર વાર્તામાં માનવ પ્રાણી પ્રત્યેના સંવેદનો વ્યક્ત થાય છે. 'ઘેટાં' શીર્ષકવાળી વાર્તા પૂરી થતાં થતાંમાં પ્રતીકાત્મક બનીને ઉભરી આવે છે.

રાવજી મુખ્યત્વે કવિ છે. છતાં એની નવલકથાઓની જેમ એની કેટલીક વાર્તાઓ સર્જકતાની મુદ્રા ધારણ કરતી જોવા મળે છે. સગી, સૈનિકના બાળકો, ચંપી, કિ-ધૂ, દેવું, ઘેટાં ..... વગેરે જેવી કથા પરંપરાગત ઢાંચામાં ગોઠવાયેલી જણાય છે. 'અમસ્તી અમસ્તી રેલગાડીઓ ને ખાલીખમ ગજવાં'માં રચનારીતિની નવિનતા સ્પર્શી જાય છે. 'છબીલકાકાનો બીજો પગ', 'કીડી, કૅમેરા અને નાયક' જેવી વાર્તાઓમાં આધુનિકતાનું દર્શન થતું જોઈ શકાય છે. આમ શ્રેષ્ઠ કવિ રાવજીના પ્રત્યેક વાર્તાની રચનારીતિ અને વાતાવરણની વિભિન્નતા જોવા મળે છે.

**સંદર્ભસૂચિ**

૧ રાવજી પટેલની શ્રેષ્ઠ વાર્તાઓ –રાવજી પટેલ
૨ મારા સમકાલીન કવિઓ –ચંદ્રકાન્ત શેઠ
૩ અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ- રમેશ ત્રિવેદી
૪ ગુજરાતી સાહિત્ય પરિષદનો ઈતિહાસ- ગુજરાતી સાહિત્ય પરિષદ
૫ અર્વાચીન સાહિત્યનો ઇતિહાસ (આધુનિક અને અનુઆધુનિક) -પ્રસાદ બ્રહ્મભટ્ટ